| | |
|---|---|
| **કેસ દાખલ તારીખ** | **૨૯/૧૧/૨૦૨૩** |
| **કેસ નોંધણી તારીખ** | **૨૯/૧૧/૨૦૨૩** |
| **કેસ ફેસલ તારીખ** | **૦૭/૦૩/૨૦૨૬** |
| **સમયગાળો** | **વર્ષ – માસ – દિવસ** |
| | **૦૨ – ૦૩ – ૦૬** |

*******************************************************

**પાટણના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, તા.જી.પાટણ.**

*******************************************************

**ફોજદારી કેસ નં.૩૪૧૪/૨૦૨૩**
**આંક–૪૬**

**ફરીયાદી** – પટેલ રમેશભાઇ બાબુલાલ,
ઉ.વ.આ.૬૫, ધંધો:– નિવૃત્ત,
રહે.પાટણ, ઠે.૮૭, યશ વિહાર, તા.જી.પાટણ.

**–: વિ રૂ ઘ્ધ :–**

**આરોપી** – પટેલ હસમુખભાઇ ગંગારામ,
ઉ.વ.આ.૫૦, ધંધો:– કોન્ટ્રાકટર,
રહે.પાટણ, ઠે.સર્વોદય સોસાયટી, તા.જી.પાટણ.

**બાબત:–** ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ...

| | |
|---|---|
| **ફરીયાદી તરફે વિ.વ.શ્રી** | **આર.એસ.મજમુંદાર** |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | **કે.એ.પટેલ** |

**–:: જ જ મે ન્ટ ::–**

**૦૧) ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે,** ફરિયાદી ઉપરોકત બતાવેલા સરનામે તેઓના કુટુંબ સાથે રહે છે. આરોપી ઉપર જણાવેલા સરનામે રહે છે અને એક કોન્ટ્રાકટર તરીકેનો વ્યવસાય કરે છે.

આરોપી તથા પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ નાઓએ હાંસાપુર ગામની હદમાં પાટણ–સિધ્ધપુર રોડ પર રે.સ.નં.૩૮૭ પૈકી–૨ (પ્લોટ નં.૧,૨) ઉપર આરોપીએ "ગેલોપ્સ આર્કેડ" નામનું કોમર્શીયલ માર્કેટનું બ્રોશર મુકેલ. જે આધારે ફરીયાદીએ સદર "ગેલોપ્સ આર્કેડ" માં ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૫ અને ફર્સ્ટ ફલોર ઉપરની દુકાન નં.૨૦, ૨૧, ૨૨ અને ૨૩ એમ મળી કુલ પાંચ દુકાનો રૂ.૭૫,૦૦,૦૦૦/– પુરામાં આરોપી અને પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ નાઓ વહીવટકર્તા, વેચાણકર્તા તેમજ નાણાંકીય લેવડ–દેવડ સંભાળવાની પુર્ણ ભુમિકામાં હોવાથી આરોપી અને પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ નાઓ પાસેથી અનરજીસ્ટર્ડ વેચાણ લેખથી વેચાણ રાખવાનું નકકી કરેલું હતું. ત્યારબાદ જમીન માલીક અને આરોપી અને પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ નાઓ વચ્ચે તકરાર ઉભી થતા સદર "ગેલોપ્સ આર્કેડ" માં ફરીયાદીની માંગણી પ્રમાણેની પાંચ દુકાનોનું બાંધકામ કરી આપવામાં આરોપી અને પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ નાઓ નિષ્ફળ જતાં આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલી રકમ રૂ.૭૫,૦૦,૦૦૦/– પુરા તા.૦૧/૦૮/૨૦૨૩ સુધીમાં પરત કરવાની બાંહેધરી આપી નોટરાઈઝ કરી લખાણ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ કરી આપેલ હતું. જે પેટે આરોપીએ ફરીયાદીને આરોપીના બેન્ક ઓફ ઈન્ડિયાની, પાટણ શાખાના ખાતા નં.૨૨૦૨૧૦૧૦૦૦૧૧૬૧૫ વાળા ખાતાના તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજના સહી અને તમામ વિગતો ભરી ચાર ચેકો આપેલા. જે ચાર ચેકો પૈકી (૧) ચેક નં.૮૨૦૪૦ તા.૧૦/૦૮/૨૦૨૩ રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– પુરા (૨) ચેક નં.૮૨૦૪૧ તા.૧૦/૦૮/૨૦૨૩ રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– પુરા (૩) ચેક નં.૮૨૦૪૨ તા.૧૦/૦૮/૨૦૨૩ રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– પુરા (૪) ચેક નં.૮૨૦૪૩ તા.૧૦/૦૮/૨૦૨૩ રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– પુરા એમ મળી કુલ્લે ૪૦,૦૦,૦૦૦/– પુરાની તેઓની કાયદેસરની લેણી રકમનો તમોએ સ્વીકાર કરેલ. આરોપીએ આપેલા ઉપરોકત તમામ ચાર ચેકો ફરીયાદીએ ચેકમાં લખેલી તારીખ પછી એટલે કે, તા.૨૭–૦૯–૨૦૨૩ ના રોજ તેઓની બેન્ક ઓફ બરોડાની શાખામાં ભરતાં ઉપરોકત તમામ ચાર ચેકો તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજ "એકાઉન્ટ બ્લોકડ સીચ્યુએશન" ના શેરા

સાથે પરત ફરેલા હતા. જેથી ફરીયાદીએ આરોપીને "એકાઉન્ટ બ્લોકડ સીચ્યુએશન" ના કારણોસર ચેક પરત ફરેલ હોવાની મૌખિક જાણ કરી પરત આવેલા ચેકના મેમાની વિગતો પણ બતાવેલી હતી. આમ, આરોપીએ આપેલા ઉપરોકત તમામ ચેકો "એકાઉન્ટ બ્લોકડ સીચ્યુએશન" ના શેરા સાથે મેમા સાથે પરત ફરેલ હોવાથી તે ચેકના નાણાં અમો ફરીયાદીને મળી શકેલા નથી. આમ, આરોપીએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોવાનું લાગેલ. આમ, ફરીયાદીએ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ચેકો રીટર્ન થયાની નોટીસ તા.૨૬–૧૦–૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એડી મારફતે આરોપીના ઘરના કાયમી સરનામે આપેલી હતી. જે નોટીસ આરોપીના ઘરના સરનામે તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીએ આપેલ નોટીસમાં જણાવેલ નાણાં આપેલા નથી. આ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે.

**૦૨)** ઉપરોકત પૅરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી ફરીયાદ રજુ કરતાં ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

**૦૩)** સદરહું ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઇ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડેલ. વધુમાં સદરહું ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ મુજબ આ અદાલત દ્વારા આંક–૦૮ થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીનો જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતાં સદરહું ફરીયાદનું કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. આ કામનું સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયલ ચલાવવામાં આવેલ છે.

**૦૪)** આરોપી સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપી પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

### –: ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવા :–

| અનુ. નં. | સાહેદનું નામ અને પ્રકાર | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી પટેલ રમેશભાઈ બાબુલાલનું સરતપાસનું સોગંદનામું | ૦૪ |
| ૨ | સાહેદ શાહ નિલેષકુમાર દેવકિશનભાઈનું સરતપાસનું સોગંદનામું | ૩૩ |

### –: ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા :–

| અનુ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અને આરોપી તેમજ પ્રજાપતિ શૈલેષભાઈ ઈશ્વરભાઈ નાઓ વચ્ચે થયેલ નોટરાઈઝ લખાણની અસલની નોટરાઈઝ કરેલી ખરી નકલ | ૧૩ |
| ૨ | અસલ ચેક | ૧૪ |
| ૩ | અસલ અડધિયું | ૧૫ |
| ૪ | અસલ ચેક રીટર્ન મેમો | ૧૬ |
| ૫ | અસલ ચેક | ૧૭ |
| ૬ | અસલ અડધિયું | ૧૮ |
| ૭ | અસલ ચેક રીટર્ન મેમો | ૧૯ |
| ૮ | અસલ ચેક | ૨૦ |
| ૯ | અસલ અડધિયું | ૨૧ |
| ૧૦ | અસલ ચેક રીટર્ન મેમો | ૨૨ |
| ૧૧ | અસલ ચેક | ૨૩ |
| ૧૨ | અસલ અડધિયું | ૨૪ |
| ૧૩ | અસલ ચેક રીટર્ન મેમો | ૨૫ |
| ૧૪ | ફરીયાદીએ આરોપીને કાયદા પ્રમાણે આપેલ નોટીસની સ્થળપ્રત અસલ | ૨૬ |
| ૧૫ | નોટીસ આરોપીએ સ્વીકારી તેની અસલ એકનોલેજમેન્ટ | ૨૭ |
| ૧૬ | ઓનલાઈન રીપોર્ટ | ૨૮ |

સદર ફરીયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં, ફરીયાદીએ આંક–૩૪ થી કલોજીંગ પુરસીશ રજુ રાખેલ છે.

**૦૫) સદરહું ફરીયાદના કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં**

**આરોપીએ જણાવેલ છે કે,** અમો આરોપીએ ફરીયાદમાં બતાવેલ લેણાં પેટે કોઇ ચેક આપેલ નથી કે અમો આરોપી પાસે ફરીયાદીનું કોઇ લેણું નથી. આરોપી અને ફરીયાદી વચ્ચે ફરીયાદમાં બતાવેલ વ્યવહાર અગાઉ અન્ય દુકાનો બાબતે વહેવાર થયેલ. જેમાં ફરીયાદી ભાગીદાર હતા. જે તે વખતે અગાઉ વ્યવહાર થયેલ તેની સીકયોરીટી પેટે કોરા ચેક આપેલ હતા. જે ફરીયાદી પાસે અગાઉથી પડેલા હતા. જેના દુરૂપયોગ કરી હાલનો આ ખોટો કેસ કરેલ છે. અમો આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી. અમો નિર્દોષ છીએ. **વધુમાં, સદરહું ફરીયાદના કામમાં આરોપીએ તેમના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં તેઓ સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી તેમજ બચાવમાં સાક્ષી તપાસવા માંગતા નથી તેવું જણાવતાં સદરહું ફરીયાદનું કામ દલીલો ઉપર રાખવામાં આવેલ.**

**૦૬)** ત્યારબાદ, સદરહું ફરીયાદના કામે ફરીયાદીના વિ.વ.શ્રી આર.એસ.મજમુંદારની મૌખિક દલીલો સાંભળી. જયારે આરોપીના વિ.વ.શ્રી કે.એ.પટેલે આંક–૪૫ થી લેખિત દલીલો રજુ કરેલ છે. લેખિત દલીલો એ રેકર્ડનો ભાગ હોઈ અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. વધુમાં લેખિત દલીલોમાં રજુ રાખેલ ચુકાદા માનપુર્વન વંચાણે લીધા.

- નામ. સર્વોચ્ચ અદાલત બસલીંગપ્પા વિ. મુડીબસપ્પા (૨૦૧૯) ૫ એસ.સી.સી. ૪૧૮.
- Hon'ble Supreme Court of India, Anss Rajashekar (Appellant) Versus Augustus Jeba Ananth (Respondent) Criminal Appeal No.(s).95-96 of 2019.

**૦૭)** આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે :–

**–: મુ દ્દા ઓ :–**

(૧) **શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,** આરોપીએ આરોપીના ખાતાનો ફરીયાદવાળા ચેકો ફરીયાદીના કાયદેસરના લેણાંની ચુકવણી પેટે તથા તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપેલ છે ?

(૨) શું હુકમ ?

**૦૮)** ઉપરોકત મુદ્દાઓ અંગે આ કોર્ટના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**૦૯)** ઉપરોકત મુદ્દાને આધીન જવાબ આપેલ છે તે અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં.૦૧:-</u>**

**૦૯.૧)...** સદરહું કેસમાં ફરીયાદ પક્ષે આંક-૦૪ થી ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો મૌખિક પુરાવો રજુ કરેલ છે. જેની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે આ કેસ દુકાન નં.૧૫, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ એમ મળી કુલ-પાંચ દુકાનો વેચાણ રાખવાનું નકકી થયેલ તે પહેલા આરોપી તથા પ્રજાપતિ શૈલેષકુમાર જોડે તેઓને અન્ય દુકાનો બાબતે વ્યવહાર થયેલો અને તે દુકાનોમાં તેઓ ભાગીદાર છે. આ કામે રજુ થયેલ ફરિયાદ તથા આંક-૪ વાળી જુબાની તેમણે વાંચીને સહી કરેલ છે. આ કામે તેમણે જે ચાર ચેકો રજુ કરેલા છે તે ચાર ચેકો તા.૧૦/૮/૨૦૨૩ ના છે. તેમણે હાલની ફરિયાદ તથા આંક-૪ ની સોગંધવાળી જુબાનીના પેરા-૩ માં એવી હકીકત જણાવેલ છે કે, આ કામે રજુ કરેલ ચાર ચેકો તા.૨૭/૯/૨૦૨૩ ના રોજ તેઓની બેંક ઓફ બરોડાની શાખામાં ભરતા ઉપરોકત ચાર ચેકો તા.૩૦/૯/૨૦૨૩ ના રોજ પરત ફરેલા હતા. ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીના ભાગીદાર શૈલેષભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિના જણાવેલા ચાર ચેક બેંકમાં નાખેલા છે. જે ભાગીદારોના છે. સદરહું હાલના કેસમાં તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ રજુ કરેલા છે. તેમણે આ પાંચ દુકાનો વેચાણ રાખવાનું નકકી કરેલું તેનું કોઈ લખાણ કરેલ નહી. તેમણે આ રકમ ૭૫ લાખ રુપિયા આરોપી અને શૈલેષકુમારને ૨૦૧૭ થી ૨૦૨૧ સુધી ટુકડે ટુકડે આપેલા. તેઓ એ વાત જણાવી શકે કે, તેમણે આ નાણાં કઈ તારીખ અને કેટલા નાણાં આપ્યા તે

કહી શકે. વધુમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે તેમની ફરિયાદમાં ટુકડે ટુકડે નાણાં આપ્યાની તારીખ અને રકમ જણાવેલ નથી. ટુકડે ટુકડે આપેલ રકમ કેટલી રકમ હાલના આરોપીને આપેલ અને કેટલી રકમ પ્રજાપતિ શૈલેષભાઈને આપેલ તેવી હકીકત ફરિયાદ કે જુબાનીમાં જણાવેલ નથી. હાલના આરોપી કે શૈલેષભાઈને રકમ ચુકવ્યાનો કોઈ લેખિત પુરાવો રજુ કરેલ નથી. દુકાનોની વેચાણ કિંમત પેટે રૂા.૭૫ લાખ હાલના આરોપી કે તેમના ભાગીદાર શૈલેષકુમારને રોકડેથી ચુકવેલ હોય તેવી કોઈ હકીકત ફરિયાદ કે જુબાનીમાં જણાવેલ નથી. તે જણાવેલ ૭૫ લાખ રૂપિયા પેટે કેટલા આરોપીને આપેલા અને કેટલા તેમના ભાગીદાર શૈલેષકુમારને આપેલા તેવી કોઈપણ હકીકત ફરિયાદ કે જુબાનીમાં જણાવેલ નથી. ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, શૈલેષભાઈએ રૂા.૩૫ લાખ પરત ચુકવવા માટે તથા આરોપીએ રુા.૪૦ લાખ પરત ચુકવવાની જવાબદારી સ્વીકારેલી. વધુમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ જે જે રકમ ટુકડે ટુકડે ચુકવતા તેની નોંધ ડાયરીમાં તેઓ રાખતા હતા. સદરહું આ ડાયરીમાં રકમ મળ્યા અંગેની સહી આરોપી કરતા હતા. તેઓ ઈન્કમટેક્ષ રિટર્ન ભરે છે. તેઓ જે કોઈ રકમ ચુકવતા તે તેમની પત્નીના બેંક એકાઉન્ટમાંથી ઉપાડીને ચુકવતા. એ વાતની તેમને ખબર છે કે, રુા.૨૦,૦૦૦/– થી ઉપરનો વ્યવહાર કરવો હોય તો ચેકથી ચુકવણું કરવું પડે. વધુમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૧૩ વાળા લખાણમાં જે ચેકની વિગતો લખેલી છે તે ચેકો બેંકમાં ભરી પૈસા વસુલ કરી શકશે તેવું કોઈ લખાણ કરેલ નહીં. આંક–૧૩ માં જે સાક્ષીઓ દર્શાવેલ છે તે સાક્ષીઓની હાજરીમાં ચેક આરોપીએ તેમને આપેલા. આશરે તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ તેમણે આરોપીને નોટીસ આપેલી. જે નોટીસ તા.૨૯/૧૦/૨૦૨૩ ના રોજ બજેલ.

**૧૦)** વધુમાં ફરીયાદ પક્ષે સાહેદ શાહ નિલેષકુમાર દેવકિશનભાઈએ આંક–૩૩ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. સદર સાહેદનું સરતપાસનું સોગંદનામું ધ્યાને લેતાં, તેઓ આ કામે ફરીયાદી રમેશભાઈ બાબુલાલ પટેલને ઓળખે છે તેમજ આ કામના આરોપી પટેલ હસમુખભાઈ ગંગારામભાઈ તથા પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ, રહે.પાટણનાને સારી રીતે ઓળખે છે. આ કામના ફરીયાદી પટેલ રમેશભાઈ બાબુલાલ નાઓએ

પાટણના હાંસાપુર ગામે હદમાં પાટણ સિધ્ધપુર રોડ ઉપર આવેલ રે.સ.નં.૩૮૭ પૈકી ૨ (પ્લોટ નં.-૧, ૨) વાળી મિલ્કતને મિલ્કતના જમીન માલિકના નામે એન.એ. કરાવી, રજીસ્ટર્ડ કરાવી બાંધકામ કરાર કરેલો. તે સમયે તેઓ (૧) પટેલ હસમુખભાઈ ગંગારામ અને (૨) પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ વેચાણ હસ્તા તેમજ નાણાંકીય લેવડ-દેવડ સંભાળનારની સંપૂર્ણ ભુમિકા સારૂ તેઓની હાજરીમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર દુકાન નં.૧૫ ફર્સ્ટ ફલોરની દુકાન નં.૨૦ થી ૨૩ કે જે ગેલોપ્સ આર્કેડના નામે કોમર્શીયલ માર્કેટમાં આવેલી છે જે પાંચ (૫) દુકાનો આકાશી હકક સિવાય રૂા.૭૫,૦૦,૦૦૦/- માં વેચાણ કરવાનો એકરારનામું તેઓની હાજરીમાં પટેલ હસમુખભાઈ ગંગારામભાઈ અને પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલે કરેલું છે. ઉપરોકત એકરારનામા પ્રમાણે તેઓની હાજરીમાં પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલે પંજાબ નેશનલ બેન્કની પાટણ શાખામાં પોતાના એકાઉન્ટના ચેક નં.૮૫૩૦૪૦ થી ૮૫૩૦૪૩ વાળા તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ કુલે રૂા.૩૫,૦૦,૦૦૦/- ના ચેકો સહી કરી વિગતો ભરી તેઓની હાજરીમાં ફરીયાદી રમેશભાઈ બાબુલાલ પટેલને આરોપી પ્રજાપતિ શૈલેષકુમાર ઈશ્વરલાલ નાએ પોતાની કાયદેસરની જવાબદારી સ્વીકારીને આપેલા છે. તે ઉપરાંત આ કામના ફરીયાદીને ઉપરોકત મિલ્કતના વેચાણના કરાર પેટે પટેલ હસમુખભાઈ ગંગારામભાઈ નાઓએ બેન્ક ઓફ ઈન્ડિયાની પાટણ શાખાના કુલ ચાર (૪) ચેકો અનુક્રમે ૦૮૨૦૪૦ થી ૦૮૨૦૪૩ વાળા તા.૧૦/૦૮/૨૦૨૩ ના કુલે રૂા.૪૦,૦૦,૦૦૦/- ના ચેકો તેઓની હાજરીમાં ઉપરોકત ચેકોમાં તમામ વિગતો ભરી તારીખ તથા સહી કરી ફરીયાદી રમેશભાઈ બાબુલાલ પટેલને આરોપી હસમુખભાઈ ગંગારામભાઈ પટેલ નાએ પોતાની કાયદેસરની જવાબદારી સ્વીકારીને આપેલા છે. ઉપરોક્ત એકરારનામું નોટરી સમક્ષ પટેલ રમેશભાઈ બાબુલાલ, પટેલ હસમુખભાઈ ગંગારામભાઈ અને પ્રજાપતિ શૈલેષભાઈ ઈશ્વરલાલ નાઓએ તેઓની હાજરીમાં તા.૧૦-૪-૨૦૨૩ ના રોજ સહીઓ કરી છે તેમજ તેઓએ અને ગોઠી ધર્મેન્દ્રકુમાર પુષ્કરલાલે સાક્ષી તરીકે તા.૧૦-૦૪-૨૦૨૩ ના રોજ સહીઓ કરી એડવોકેટ-નોટરી શ્રી ઉર્વેશભાઈ ડી. પંડયા નાએ નોટરી કરી આપેલી છે.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ સોગંદનામું તેમણે જાતે કરેલું. ફરીયાદી અને આરોપી વચ્ચે દુકાન વેચાણ કરવાનું એકરારનામું થયેલું. આ અસલ એકરારનામું વેચાણ લેનાર/ફરીયાદી પાસે છે. આંક-૧૩ વાળા દસ્તાવેજમાં તેમણે એક જ સહી કરેલી અને જે સહી કરેલી તે માત્ર સાક્ષી તરીકે કરેલી અને તે સહીં ગુજરાતીમાં કરેલી. આ સિવાય તેમણે અંગ્રેજીમાં સહી કરેલ નથી. આ સિવાય ઓળખ આપનાર તરીકે સહી કરેલ નથી. સાક્ષી તરીકેની સહી તેમણે તેમની દુકાન તિરુપતિ માર્કેટમાં કરેલી. આંક-૧૩ વાળો દસ્તાવેજ તેઓ ટાઇપ કરાવવા ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, નોટરીની ઓફીસ તેમની દુકાનની ઉપર જ આવેલ છે. તેઓ આંક-૧૩ વાળો દસ્તાવેજ જોઈને કહે છે કે, આઈડેન્ટીફાઇમાં તેમણે અંગ્રેજીમાં સહી કરેલ હતી. તેમણે આ સહી ટ્રુ-કોપી કરાવી ત્યારે કરેલી તેમજ અસલ દસ્તાવેજમાં પણ કરેલી. વધુમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હસમુખભાઈ ગંગારામ પટેલ ટાઈપ કરાવવા ગયેલા નહીં તેઓ ટાઈપ કરાવવા ગયા હતા.

**<u>### ફરીયાદપક્ષના પુરવાનું મુલ્યાંકન</u> :-**

**૧૧)** આમ ઉપરોકત તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ ધ્યાને લેતાં પક્ષકારો એકબીજાને ઓળખે છે તે હકીકત નિર્વિવાદિત છે. હાલના કામમાં આંક-૧૩ લગત જે લખાણ છે તે લખાણમાં હાલના કામમાં તકરારી ચેકોનો ઉલ્લેખ છે. આ લખાણ આરોપી અને ફરીયાદી વચ્ચેનો છે. જેને સાક્ષીમાં શાહ નિલેશકુમાર દેવકિશનભાઇ તથા ગોઠી ધર્મેન્દ્રકુમાર પુસ્કરલાલ છે. જેમાં ફરીયાદી તરફે શાહ નિલેશકુમાર દેવકિશનભાઇને હાલના કામના આંક-૩૩ થી તપાસેલા છે. જેની ઉલટતપાસમાં પણ જે પોતાની સહી ગુજરાતીમાં કરેલ છે તે ઓળખી બતાવે છે. તેથી આ દસ્તાવેજ ભારતીય પુરાવા ધારાની જોગવાઇઓ મુજબ સાબિત થયેલો માની શકાય છે. વધુમાં આંક-૦૪ ની જુબાનીમાં રૂ.૭૫,૦૦,૦૦૦/- ફરીયાદીએ આરોપી અને શૈલેષકુમારને સને-૨૦૧૭ થી ૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન ટુકડે-ટુકડે આપેલાની હકીકત રેકર્ડ પર આવે છે. ફકત કઇ તારીખે કેટલા રૂપિયા ટુકડેથી આપેલા તે ફરીયાદીએ તેની ફરીયાદમાં કે જુબાનીમાં જણાવેલ નથી. તેટલા

માત્રનો બચાવ માની શકાય નહીં તેમજ હાલના કામમાં આરોપીએ રૂા.૪૦,૦૦,૦૦૦/- ફરીયાદીને ચુકવવાની જવાબદારી લીધેલ છે તે હકીકત પણ જુબાનીમાં ફલિત થાય છે. ત્યારબાદ ફરીયાદી અને આવકવેરા વિભાગના પ્રશ્નો બચાવપક્ષે પુછેલા છે. તે તમામ પશ્નો આવકવેરા અને ફરીયાદી વચ્ચેના છે. તેથી આ બચાવ પણ ધ્યાને લઇ શકાય તેમ નથી. આમ, તમામ પુરાવાઓ ધ્યાને લઇએ તો સદરહું ચેકો આરોપીના ખાતાના નથી. તેમાં આરોપીની સહી નથી. સદર ચેકો ફરીયાદીની કસ્ટડીમાં ન હતા તેવી કોઇ જ હકીકતો અને અનુમાનોનું ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડેલ છે તેવું રેકર્ડ પર આવેલ છે. તેથી મુદ્દા નં.(૧) નો જવાબ હકારમાં ઠેરવવામા આવે છે.

### **<u>કાયદાનો ઉદ્દેશઃ-</u>**

**૧૨)** આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાના સંદર્ભમાં પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં, સૌ પ્રથમ કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો...

## **<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ને વંચાણે લેતાં:-</u>**

"સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચૂકવણી કરવા માટે બેંકરને લખે અને આવા ચેકની ચૂકવણી કર્યા વિના બેંક પરત કરે, કારણ કે, એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેંક સાથે સમજૂતિથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ આ રકમ કરતાં વધુ છે, ત્યારે આવી વ્યકિતએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની પેટા કલમ-(એ)(બી)(સી) ની શરતોને આધિન ગુનો કર્યો છે તેમ કહેવાય, જેમાં દેવુ અથવા અન્ય જવાબદારી" આ પ્રકારનો કાયદામાં સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ છે.

## **<u>આરોપીનો બચાવઃ-</u>**

**૧૩)** ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ તથા કલમ-૧૪૦ ધ્યાને લેવામાં આવે તોઃ-

###**કલમ– ૧૩૯ – ધારકની તરફેણમાં અનુમાનઃ–**

"જયાં સુધી વિપરિત અસર પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને કલમ–૧૩૮ માં જણાવેલ ચેક સમગ્ર અથવા અંશતઃ અથવા બીજી જવાબદારી અદા કરવા માટે મળેલ છે".

**૧૪)** આમ, કાયદાની જોગાવાઈઓ ધ્યાને લેતાં, કોઈપણ વ્યકિતએ તેનું કાયદેસરનું દેવું અને જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો ચેક કોઈની તરફેણમાં લખી આપે અને તે ચેક મુજબની રકમ લખનારનાં ખાતામાં ન હોય, અને અપૂરતી રકમનાં કારણે ચેક પરત ફરે તો ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ ગુનો બને છે, તેમ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ, તેવું દેવું અને જવાબદારી કાયદેસર રીતે વસૂલ થઈ શકે તેવું હોવું જોઈએ, તેવી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં સ્પષ્ટતા કરવામાં આવેલી છે તેમજ કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારકને ચેક દેવાની જવાબદારી પેટે આપવામાં ઓવલ છે, તેવું અનુમાન થાય છે. આમ, કાયદાની જોગવાઈઓ મુજબ ફરિયાદપક્ષના પુરાવાથી ચેકની હકીકતો પુરવાર થાય ત્યારે ચેક ધારણ કરનારની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે, જયારે આરોપીપક્ષે વિપરીત સંજોગો પુરવાર કરવાના રહે છે.

**૧૫)** ઉપર મુજબની કાયદાની જોગવાઈઓનાં સંદર્ભમાં ફરિયાદપક્ષનાં પુરાવાઓને ધ્યાને લેતાં, આ કામના આરોપી સામેનું ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનાનું તહોમત છે, જેથી ફરિયાદપક્ષે નીચે મુજબની હકીકતો સાબિત કરવાની રહે છે.

૧. આરોપીએ ફરિયાદીને ફરિયાદીના કાયદેસરનાં લેણા પેટે ચેક આપેલ છે.

૨. આ ચેક બેંકમાં મથાળે તારીખથી ૩ મહિનામાં રજૂ કરવામાં આવેલ છે.

૩. ચેક રજૂ કરવાથી સ્વીકાર્યા વગર પરત આવેલ છે.

૪. ફરિયાદીએ આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ (બી) ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં નોટિસ આપેલી છે.

૫. આરોપીને નોટિસ બજી ગયેલી હોવા છતાં દિન–૧૫ માં આરોપીએ નોટિસ મુજબનું વર્તન કરેલ નથી.આથી ફરિયાદીએ એક માસમાં ફરિયાદ દાખલ કરેલી છે.

૧૬) સૌ પ્રથમ ફરિયાદીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા કલમ–૧૪૨ ની કાયદેસરની જોગવાઈઓનું પાલન કરેલું છે કે નહીં, તે જોવાનું રહે છે. આમ, ઉપરોકત તમામ મુદ્દા સાબિત કરવાની જવાબદારી ફરિયાદીના શીરે રહેલી છે. ફરિયાદીએ ઉપરોકત જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ હાલના કામે રજૂ કરેલ છે. સદર પુરાવાઓનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવે તો સૌ પ્રથમ આંક–૦૪ થી ફરિયાદીએ પોતાના સરતપાસના સોગંદનામામાં મોટા ભાગની હકીકતો ફરિયાદને વળગી રહ્યા છે. જે સંદર્ભે આરોપીના વિ.વ.શ્રીએ ફરિયાદીની ઉલટતપાસ કરેલી છે. જેમાં ઉપર જણાવ્યા મુજબની જુબાની આપે છે, જેનું અત્રે પુનરાવર્તન કરવામાં આવેલ નથી. આમ, લીગલ ડેબ્ટ તો રેકર્ડ ઉપર આવી ગયેલ છે. આમ, આ ચેક આરોપીના ખાતાનો નથી કે તેમાં આરોપીની સહી નથી તેવો બચાવ નથી. આમ, સદરહું ચેક આરોપીના ખાતાનો છે તથા તેમાં આરોપીની સહી છે તથા આ ચેક ફરીયાદીની કસ્ટડીમાંથી ફરીયાદીની બેંકમાં રજુ થતાં "એકાઉન્ટ બ્લોકડ સીચ્યુએશન" ના શેરા સાથે પરત આવેલ છે. ત્યારે તેથી આરોપી પક્ષ એ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, સદરહું ચેકવાળું બેંક ખાતું આરોપીનું નથી. સદરહું ચેક આરોપીની સહીવાળો નથી તથા સદરહું ચેક રીટર્ન મેમા મુજબ પરત ફરેલ નથી તથા નિયત સમયમાં ફરીયાદીએ નિયમ મુજબ નોટીસ આપવામાં આવેલ નથી તથા આમ, સદરહું ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની જોગવાઈઓ મુજબનું અનુમાનનું ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડેલ છે. ત્યારે વધુમાં આરોપી તરફે ઉપરોકત જણાવેલ નામ. ગુજરાત હાઈકોર્ટ તથા નામ. સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લેવા અરજ કરેલ છે તથા સદરહું ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો સંપુર્ણ માનસહ વંચાણે લીધેલ છે અને આ સિધ્ધાંતો બાબતે કોઈ વાદ ન હોઈ શકે. પરંતુ સદરહું ચુકાદાઓના રેકર્ડ પર આવેલા પુરાવાઓ હાલના કામના રેકર્ડ પર આવેલા પુરાવાઓ બંને અલગ અલગ છે તથા હાલના રેકર્ડમાં જે મૌખિક પુરાવાઓ અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા છે તેનું શબ્દસહ પુનરાવર્તન ન કરતાં ધ્યાને લીધેલ છે. હાલના કામમાં પક્ષકારો એકબીજાને ઓળખે છે તે હકીકત નિર્વિવાદિત છે. હાલના કામમાં આંક–૧૩ લગત જે લખાણ છે તે લખાણમાં હાલના કામમાં તકરારી

ચેકોનો ઉલ્લેખ છે. આ લખાણ આરોપી અને ફરીયાદી વચ્ચેનો છે. જેને સાક્ષીમાં શાહ નિલેશકુમાર દેવકિશનભાઇ તથા ગોઠી ધર્મેન્દ્રકુમાર પુસ્કરલાલ છે. જેમાં ફરીયાદી તરફે શાહ નિલેશકુમાર દેવકિશનભાઇને હાલના કામના આંક–૩૩ થી તપાસેલા છે. જેની ઉલટતપાસમાં પણ જે પોતાની સહી ગુજરાતીમાં કરેલ છે તે ઓળખી બતાવે છે. તેથી આ દસ્તાવેજ ભારતીય પુરાવા ધારાની જોગવાઇઓ મુજબ સાબિત થયેલો માની શકાય છે. વધુમાં આંક–૦૪ ની જુબાનીમાં રૂ.૭૫,૦૦,૦૦૦/– ફરીયાદીએ આરોપી અને શૈલેષકુમારને સને–૨૦૧૭ થી ૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન ટુકડે–ટુકડે આપેલાની હકીકત રેકર્ડ પર આવે છે. ફકત કઇ તારીખે કેટલા રૂપિયા ટુકડેથી આપેલા તે ફરીયાદીએ તેની ફરીયાદમાં કે જુબાનીમાં જણાવેલ નથી. તેટલા માત્રનો બચાવ માની શકાય નહીં તેમજ હાલના કામમાં આરોપીએ રૂ.૪૦,૦૦,૦૦૦/– ફરીયાદીને ચુકવવાની જવાબદારી લીધેલ છે તે હકીકત પણ જુબાનીમાં ફલિત થાય છે. ત્યારબાદ ફરીયાદી અને આવકવેરા વિભાગના પ્રશ્નો બચાવપક્ષે પુછેલા છે. તે તમામ પશ્નો આવકવેરા અને ફરીયાદી વચ્ચેના છે. તેથી આ બચાવ પણ ધ્યાને લઇ શકાય તેમ નથી. આમ, તમામ પુરાવાઓ ધ્યાને લઇએ તો સદરહું ચેકો આરોપીના ખાતાના નથી. તેમાં આરોપીની સહી નથી. સદર ચેકો ફરીયાદીની કસ્ટડીમાં ન હતા તેવી કોઇ જ હકીકતો અને અનુમાનોનું ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડેલ છે તેવું રેકર્ડ પર આવેલ છે. આમ, સદરહું કેસની ચર્ચાને ધ્યાને લેતાં સદરહું ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો આરોપી પક્ષને મદદરૂપ થતાં નથી.

## આરોપીનો બચાવઃ–

**૧૭)** ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાની કલમ–૧૩૯ તથા કલમ–૧૪૦ ધ્યાને લેવામાં આવે તોઃ–

### કલમ– ૧૩૯ – ધારકની તરફેણમાં અનુમાનઃ–

"જયાં સુધી વિપરિત અસર પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને કલમ–૧૩૮ માં જણાવેલ ચેક સમગ્ર અથવા અંશતઃ અથવા બીજી જવાબદારી અદા કરવા માટે મળેલ છે".

### કલમ–૧૪૦, કલમ–૧૩૮ હેઠળની કાર્યવાહીમાં મંજૂર ના કરી શકાય તેવો બચાવઃ–

"ચેક લખી આપ્યો ત્યારે ચેક લખનારને એવું માનવાને કારણ

ન હતું કે, ચેક રજૂ કરવામાં આવશે ત્યારે તે કલમ–૧૩૮ માં જણાવેલ કારણોસર સ્વીકારી શકાશે નહિ તેવું તે કલમ હેઠળની ગુના માટેની કાર્યવાહીમાં બચાવ કરી શકાશે નહિ".

**૧૮)** આમ, ઉપરોકત કાયદાની જોગવાઈમાં જ જયારે આરોપીને ફરિયાદી તરફેના અનુમાનનું ખંડન કરવાની તક આપવામાં આવી છે ત્યારે હાલના કામમાં ફરિયાદીના કબજામાંથી આરોપી પક્ષ સહીવાળો ફરીયાદમાં જણાવેલ ચેક હોવો જોઈએ. તે "એકાઉન્ટ બ્લોકડ સીચ્યુએશન" ના શેરા સાથે પરત ફરવો તે અંગેનું ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેલ છે, જે અંગે વિગતવારની ચર્ચા ઉપર કરેલ છે. તેથી તે હાલના તબકકે ટાળેલ છે. તેને ધ્યાને લઈએ તો પણ કાયદેસર મળવાપાત્ર ખંડન કરવાની તકમાં પણ આરોપીપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**૧૯)** આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, ફરિયાદીના લેણાં પેટે આરોપીએ ફરીયાદમાં જણાવેલ ચેક આપેલ હોવાની અને તેવા ચેક આરોપીનું ખાતું "એકાઉન્ટ બ્લોકડ સીચ્યુએશન" હોવાના કારણે પરત ફરેલ હોવાની હકીકતો ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ (૧) ફરિયાદીએ પોતાનું કાયદેસરનું લેણું સાબિત કરેલ છે, (૨) ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓનું પાલન કરેલાનું સાબિત કરે છે. (૩) આરોપી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૯ ની આજ્ઞાત્મક જોગવાઈઓનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી, મુદ્દા નં. ૧ નો જવાબ "હકારમાં" આપવામાં આવેલ છે.

**૨૦)** સદર કામે આરોપીની પ્લી, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ મુજબ સાદા ફોર્મમાં નોંધવામાં આવેલ છે તેમજ આ અદાલત તરફથી સદર કામના ફરિયાદીની સરતપાસ તથા આરોપી તરફે કરેલ ઉલટતપાસની તમામ હકીકતો વિગતવાર નોંધવામાં આવેલ છે. આમ, સદર કેસની સમગ્ર ટ્રાયલ ક્રિમિનલ પ્રોસીજર કોડના પ્રકરણ–૨૦ મુજબ સમન્સ ટ્રાયેબલની જોગવાઈઓ અનુસાર ચલાવવામાં આવેલ છે. જેથી ધી નેગોશિયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ અનુસાર આરોપીને બે વર્ષ સુધીની સજા અને ચેકની રકમની બમણી રકમ સુધીના દંડની સજા થઈ શકે છે. આ ઉપરાંત, આ કેસના તમામ સંજોગો તથા નામદાર સુપ્રિમ કોર્ટે તાજેતરમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો અનુસાર ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના કેસોમાં ફરિયાદી પણ ભોગ બનનાર ગણી શકાય અને તેઓને નાણાંની નુકશાની થયેલ હોય અને કેસ દરમ્યાન માનસિક ત્રાસ થયેલ હોય, તે બદલ આ પ્રકારના કેસનાં ફરિયાદીને પણ વળતર આપવું જોઈએ તેમજ આ પ્રકારના કેસ ચાલતા દરમ્યાન દિવાની દાવાની સમયમર્યાદા વિતી જતી હોય, તે સંજોગોમાં ફરિયાદીને અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. તે તમામ સંજોગો ધ્યાને લેતાં, હાલનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે. તેથી, આ કામના ફરિયાદીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ વળતર આપવાના વ્યાજબી અને ન્યાયી કારણો જણાતા હોય, ઉપરની ચર્ચા અનુસાર મુદ્દા નં.૧ નો જવાબ "હકારમાં" આપી, ઉપરોકત તમામ હકીકતને ધ્યાને રાખી, આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ લગત તકસીરવાન ઠરાવવામાં આવે છે તથા સજા અંગે સાંભળવા પર સદર કામ મુલત્વી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| સ્થળઃ પાટણ.<br>તા.૦૭–૦૩–૨૦૨૬.<br>PS | (ધીરેન મનહરલાલ ચૌહાણ)<br>એડી.ચીફ જ્યુડી. મેજિ., પાટણ.<br>જજ કોડ નં. જીજે૦૧૦૦૬ |

## <u>સજા અંગે બંને પક્ષના વિ. વકીલશ્રીઓને સાંભળ્યા.</u>

**૨૧)** ઉપરોકત હુકમ મુજબ આજરોજ બંને પક્ષકારોને તથા તેમના વિ.વ.શ્રીને સાંભળ્યા. જેમાં આરોપી તરફેના વિ.વકીલશ્રીએ દલીલ કરતાં એવી રજૂઆત કરેલ છે કે, આરોપી મોટી ઉંમરના છે તથા આરોપીના પરિવારમાં તેને શારિરીક તકલીફ છે. આરોપી તેના પરિવાર સાથે રહે છે તથા તેમના કુટુંબની ભરણપોષણની જવાબદારી તેમના શીરે છે. આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી તથા જો વધુ સજા કરવામાં આવે તો તેના પરિવારને સહન કરવું પડે તેમ છે. તેથી આરોપીને ઓછામાં ઓછી સજા તથા ઓછો દંડ કરવા નમ્ર અરજ છે.

**૨૨)** ઉપરોકત દલીલને ધ્યાને લઈ, ફરિયાદપક્ષે, ફરિયાદીએ સદરહુ કેસ સંપૂર્ણ સાબિત કરેલ છે. આરોપી સામે આજ કાયદાનો બીજો કેસ પણ છે. તેથી આરોપી આવા પ્રકારના ગુના કરવા ટેવાયેલા છે તથા ઈરાદાપૂર્વક ફરિયાદીને ચેક આપી, એકાઉન્ટ બ્લોકડ રાખેલ છે. જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની જોગવાઈ અનુસાર આરોપીને બે વર્ષ સુધીની સજા અને ચેકની રકમની બમણી રકમ સુધીના દંડની સજા થઈ શકે છે. આ ઉપરાંત આ કેસના તમામ સંજોગો તથા નામદાર સુપ્રિમ કોર્ટે તાજેતરમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો અનુસાર ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસોમાં ફરિયાદી પણ ભોગ બનનાર ગણી શકાય અને તેઓને નાણાંની નુકશાની થયેલ હોય અને કેસ દરમ્યાન માનસિક ત્રાસ થયેલ હોય, તે બદલ આ પ્રકારના કેસના ફરિયાદીને પણ વળતર અપાવવા હુકમ કરશોજી તથા સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા અરજ કરેલ છે.

**૨૩)** ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈ, હાલના કામમાં આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ લગતના ગુનાનો આરોપ છે તથા આજરોજ બંને પક્ષકારોને સાંભળ્યા તથા રેકર્ડ વંચાણે લીધું તથા હાલના કામમાં ઉપરોકત તમામ ચર્ચા કરેલ છે. તેથી તેનું પુનરાવર્તન કરેલ નથી તથા આરોપી ઉંમરલાયક છે તે હકીકત તથા ફરિયાદની હકીકત ધ્યાને લેતાં આરોપીની સ્થિતિ ધ્યાને લઈ, મુદ્દા નંબરઃ ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

-// <u>આખરી હુકમ</u> //-

૧.. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૫૫(૨) અન્વયે આ કામના આરોપી પટેલ હસમુખભાઇ ગંગારામ, ઉ.વ.આ.૫૦, ધંધો:- કોન્ટ્રાકટર, રહે.પાટણ, હે.સર્વોદય સોસાયટી, તા.જી.પાટણ નાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨.. આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭ અન્વયે ફરિયાદીને ચેકોની રકમ વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીએ વળતરની રકમ હુકમની તારીખથી દિન-૩૦ માં આ અદાલતમાં જમા કરાવવામાં નિષ્ફળ જાય તો, આરોપીએ વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવી.

૩.. આ ચુકાદાની નકલ આરોપીને વિનામૂલ્યે પૂરી પાડવી.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળઃ પાટણ.<br>તા.૦૭-૦૩-૨૦૨૬.<br>PS | (ધીરિન મનહરલાલ ચૌહાણ)<br>એડી.ચીફ જયુડી. મેજિ., પાટણ.<br>જજ કોડ નં. જીજે૦૧૦૦૬ |

mvs